નવરચિત ૧૭ તાલુકાઓની મામલતદાર કચેરીઓ ખાતે વૃદ્ધ સહાય યોજનાની કામગીરી સુચારૂ કરવા માટે આઉટસોર્સિંગથી ૧૭ ડેટા એન્ટ્રી ઓપરેટરની નવી જગ્યાઓ મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: **SJED/EOD/e-file/17/2025/2599/CHH-2 Section**

સચિવાલય, ગાંધીનગર.

તા: /૦૪/૨૦૨૬

30 APR 2026

વંચાણે લીધા:

૧. નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગરનો તા.૦૩/૦૩/૨૦૨૬ નો પત્ર ક્રમાંક:- DSD/NIT/e-file/226/2025/0881/Planning Branch

પ્રસ્તાવના:

રાજ્યમાં વૃદ્ધ સહાય યોજના (નિરાધાર વૃદ્ધ સહાય અને ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના) હેઠળ ૧૧ લાખથી વધુ લાભાર્થીઓને DBT મારફત સહાય ચૂકવવામાં આવે છે. મહેસૂલ વિભાગ દ્વારા તાજેતરમાં નવરચિત ૧૭ તાલુકાઓ (ગોધર, કોઠંબા, ચીકદા, નાનાપોંઢા, રાહ, ધરણીધર, ઓગડ, હડાદ, ગોવિંદ ગુરુ લીમડી,સુખસર,કદવાલ,ફાગવેલ,શામળાજી,સાઠંબા, ઉકાઈ,અરેઠ અને અંબિકા) ખાતે નવી મામલતદાર કચેરીઓ કાર્યરત કરવામાં આવેલ છે.આ કચેરીઓમાં વૃદ્ધ સહાય યોજનાની કામગીરીના ડિજિટાઈઝેશન અને સુચારૂ અમલીકરણ માટે ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવાઓ અનિવાર્ય હોઈ,૧૭ નવી જગ્યાઓની મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે, રાજ્યના નવરચિત ૧૭ તાલુકાઓ(ગોધર, કોઠંબા, ચીકદા, નાનાપોંઢા, રાહ, ધરણીધર, ઓગડ, હડાદ, ગોવિંદ ગુરુ લીંમડી, સુખસર, કદવાલ, ફાગવેલ, શામળાજી, સાઠંબા, ઉકાઈ, અરેઠ અને અંબિકા)ની મામલતદાર કચેરીઓ ખાતે વૃદ્ધ સહાયની કામગીરી માટે **૧૭ (સત્તર) ડેટા એન્ટ્રી ઓપરેટર**ની સેવાઓ આઉટસોર્સથી મેળવવા માટે વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્રમાં **રૂ. ૦.૩૨ કરોડ** (અંકે રૂપિયા બત્રીસ લાખ પૂરા) ની નવી બાબત તરીકે નીચે મુજબની શરતોને આધીન સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવે છે:

**૧. મંજૂર થયેલ જગ્યાની વિગત:**

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | માસિક ફિક્સ વેતન (અન્ય ચાર્જીસ સિવાય | કુલ વાર્ષિક ખર્ચ (૧૧ માસ માટે) |
|---|---|---|---|---|
| ૧ | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૧૭ | રૂ.૧૫,૦૦૦/- | રૂ.૩૧,૬૪,૯૭૫/- (અંદાજે રૂ. ૦.૩૨ કરોડ) |

**૨. મહત્વની શરતો:**

1. વિભાગને વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્ર માટે ફાળવેલ **બજેટ સિલીંગની મર્યાદામાં** જ આ જોગવાઈનો સમાવેશ કરવાનો રહેશે.
2. નાણા વિભાગના તા. ૦૯/૦૯/૨૦૨૫ ના પરિપત્ર ક્રમાંક: અપબ/૧૦૨૦૨૫/૧૦૨/બજેટથી આપેલ

સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩. આ જગ્યાઓ સંપૂર્ણપણે આઉટસોર્સિંગના ધોરણે અને પ્રવર્તમાન સરકારી નીતિ-નિયમો મુજબ ભરવાની રહેશે.

**૩. બજેટ સદર:**

આ અંગેનો ખર્ચ નીચે મુજબના બજેટ સદરે ઉધારવાનો રહેશે:

- **માંગણી નંબર:** ૯૨
- **મુખ્ય સદર:** ૨૨૩૫ - સામાજિક સુરક્ષા અને કલ્યાણ
- **ગૌણ સદર:** ૨૦૦ - અન્ય કાર્યક્રમો
- **પેટા સદર:** ૦૧ - વૃદ્ધ સહાય યોજના

<u>**આઉટસોર્સથી સેવાઓ લેવા અંગેની શરતો:-**</u>

**1.**આઉટ સોર્સથી સેવા વહીવટી મંજુરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેનાથી વધુ સમય માટે આ સેવા પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પાશ્ચાત્ય વર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઇપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.

<u>**2.ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવાઓ માટે રૂ.૧૫,૦૦૦/-(અન્ય ચાર્જીસ સિવાય)ના માસિક મહેનતાણા ધ્યાને લેવાના રહેશે.**</u>

_લઘુત્તમ વેતનધારા અધિનિયમ,૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા તથા તેને આનુષાંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ધ્યાને લઇ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતનથી ઓછા ન હોય તેટલા મહેનતાણા આઉટસોર્સીંગ સ્ટાફને ચૂકવવાના રહેશે.

(નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ જરૂર જણાયે આઉટસોર્સથી સેવાઓ મેળવતા મેનપાવરના માસિક મહેનતાણાની ગણતરી માટે શ્રમ આયુકતની કચેરીના તા.૦૧/૦૪/૨૦૨૩ના પરિપત્રમાં દર્શાવેલ વિગતવાર ગણતરી પત્રકનો આધાર લેવાનો રહેશે. વધુમાં,લઘુત્તમ વેતનધારા અધિનિયમ,૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.)

**3.**આઉટસોર્સથી સેવા લેવા અંગે મંજુરી મળ્યા બાદ GEM Portal પર માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની નિયત કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

**4.**આઉટસોર્સની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે. સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યારબાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

**5.** નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ ડ્રાઈવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.

**6.** નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા,ઇપીએફ,ટીડીએસ,સર્વીસ ટેક્ષ,**GST**,સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની રહેશે. નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ આ અંગે એજન્સી ઉપર યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની રહેશે.

**7.** માન્ય આઉટસોર્સ એજન્સી દ્વારા આઉટસોર્સ મેનપાવરને નિયત મહેનતાણું સમયસર ચુકવવામાં આવે તે અંગે નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ યોગ્ય મોનીટરીંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલાં લેવાની જવાબદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની રહેશે.

**8.**મહેનતાણાના દરો નાણાવિભાગની પૂર્વ મંજુરી મેળવીને નિયત કરવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેંનતાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.

**9.**આઉટસોસથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નાહિ.

**10.**આઉટ સોર્સ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.

**11.**આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

**12.**આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

**13.**આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

**14.**સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

**15.**આ સેવાઓ વખતો-વખત મેળવવાની થાય તો સેવાની મુદત લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થવાના 3 (ત્રણ) માસ અગાઉ વિભાગને રજૂ કરી વધુ ૧૧ માસ માટે સેવા મેળવવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

આ ઠરાવ નાણા વિભાગની મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રમેશ ગામેતી)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી,(સા.ન્યા)નાં અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ),નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા),નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ(નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત).
- છ શાખા/છ-૧ શાખા/બજેટ શાખા,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

- સિસ્ટમ મેનેજરશ્રી,કોમ્પ્યુટર સેલ,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.